નિયામકશ્રી શાળાઓની કચેરી,
વિદ્યા સમિક્ષા કેન્દ્ર,
બીજો માળ, પુનિતવનની સામે,
સેક્ટર-૧૯, ગાંધીનગર.

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,

તમામ.

વિષય: નાણા વિભાગનો તા. ૦૬/૦૧/૨૦૨૪નો ઠરાવ બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો અને સાથી સહાયકોના ફિક્સ પગારથી નિમણૂક પામેલ કર્મચારીઓને લાગુ પાડવા બાબત.

સંદર્ભ: શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: **ED/MIS/e-file/32025/5680/g**, તા. ૧૪/૧૧/૨૦૨૫

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફિક્સ પગારની નીતિ અન્વયે નિમણૂક પામેલ વર્ગ-૩ અને વર્ગ-૪ ના શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકનેનાણા વિભાગના તા. ૦૬/૦૧/૨૦૨૪ના ઠરાવથી માંદગીની રજાઓ મંજૂર કરવા બાબતે કરવામાં આવેલ જોગવાઈઓ લાગુ પાડવાની મંજુરી આપેલ છે. જે અન્વયે આગળની નિયમોનુસારની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર

બિડાણ: ઉપર મુજબ

ક્રમાંક:અનદ-મકમ/પરીપત્ર/૨૦૨૫/ ૩૦૩૯૪-૯૬

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
પાલનપુર જિલ્લો-બનાસકાંઠા
તારીખ : ૨૪ /૧૨/૨૦૨૫

રા- રવાના જાણ તેમજ જરૂરી અમલવારી કરવા સારૂં.

જિલ્લા શિક્ષણાધિકારી
પાલનપુર જિ-બનાસકાંઠા

પ્રતિ :-

- આચાર્યશ્રી, બિન સરકારી અનુદાનિત મા.અને ઉ.મા.શાળાઓ, તમામ, જિ-બનાસકાંઠા અને વાવ-થરાદ.

નકલ રવાના :-

- પ્રમુખશ્રી/મંત્રીશ્રી, સંબંધિત શાળા સંચાલક મંડળ, તમામ, જિ-બનાસકાંઠા અને વાવ-થરાદ.

નકલ સવિનય રવાના :-

- મે.નાયબ શિક્ષણ નિયામકશ્રી (માધ્યમિક), કમિશનર શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર..

બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો અને સાથી સહાયકોના ફિક્સ પગારથી નિમણૂક પામેલ કર્મચારીઓની માંદગીના હેતુ માટેની રજાઓ બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ED/MIS/e-file/3/2025/5680/G,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ઈ-સાઈન મુજબ.

વંચાણે લીધા:-

1. નાણા વિભાગનો તારીખ ૨૦/૧૦/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧.
2. નાણા વિભાગનો તારીખ ૧૨/૦૭/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ.૧.
3. શિક્ષણ વિભાગનો તારીખ ૧૨/૦૯/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: ED/MIS/e-file/3/2022/2166/G
4. નાણા વિભાગનો તારીખ ૦૬/૦૧/૨૦૨૪ નો ઠરાવ ક્રમાંક: FD/ZUD/e-file/4/2023/3483/Z1(Economy)
5. નિયામકશ્રી શાળાઓની કચેરીનો તારીખ ૦૮/૧૦/૨૦૨૫નો પત્ર ક્રમાંક: COS/RJA/e-file/276/2025/2000/SECONDARY.

આમુખ:-

નાણા વિભાગના વંચાણે લીધા ક્રમાંક:(૧) અને (૨) સામેના અનુક્રમે તારીખ ૨૦/૧૦/૨૦૧૫ અને તારીખ ૧૨/૦૬/૨૦૧૬ ના ઠરાવથી રાજ્ય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂક પામેલ કર્મચારીઓને મળવાપાત્ર "ખાસ રજાઓ" માં સુધારો કરવામાં આવેલ છે. વિભાગના વંચાણે લીધા ક્રમાંક:(૩) સામેના તારીખ ૧૨/૦૯/૨૦૨૩ ના ઠરાવથી નાણા વિભાગનો તારીખ ૧૨/૦૭/૨૦૧૬ નો માંદગીની રજાઓ મળવા બાબતનો ઠરાવ ગ્રાન્ટેડ શાળાઓના ફિક્સ પગારના શિક્ષણ સહાયકો, વહીવટી સહાયકો અને સાથી સહાયકોને લાગુ પાડેલ. નાણા વિભાગના વંચાણે લીધા ક્રમાંક:(૪) સામેના તારીખ ૦૬/૦૧/૨૦૨૪ ના ઠરાવથી નાણા વિભાગના તારીખ ૨૦/૧૦/૨૦૧૫ અને તારીખ ૧૨/૦૭/૨૦૧૬ ના ઠરાવોથી કરવામાં આવેલ માંદગીના હેતુસરની ખાસ રજાની જોગવાઈઓમાં જરૂરી સુધારાઓ કરવામાં આવેલ છે.

નિયામકશ્રી શાળાઓની કચેરીના વંચાણે લીધા ક્રમાંક:(૫) સામેના તારીખ ૦૮/૧૦/૨૦૨૫ ના પત્રથી નાણા વિભાગના તારીખ ૦૬/૦૧/૨૦૨૪ નો ઠરાવ ગ્રાન્ટેડ શાળાઓના કર્મચારીઓને લાગુ પાડવો કે કેમ તે અન્વયે માર્ગદર્શન મેળવવા દરખાસ્ત કરેલ હતી, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફિક્સ પગારની નીતિ અન્વયે નિમણૂંક પામેલ વર્ગ-૩ અને વર્ગ-૪ના શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકને નાણા વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૪) સામેના તારીખ ૦૬/૦૧/૨૦૨૪ના ઠરાવથી માંદગીની રજાઓ મંજૂર કરવા બાબતે કરવામાં આવેલ જોગવાઈ આથી લાગુ પાડવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-સરકાર ઉપરની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૯/૧૧/૨૦૨૫ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

*e-Sign*

(એ.જી. ચૌધરી)

ઉપ સચિવ

શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્રથી)
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(નાણા વિભાગ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશનર શાળાઓની કચેરી મારફતે)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઑડિટ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- તમામ તિજોરી અધિકારીશ્રીઓ (કમિશનર શાળાઓની કચેરી મારફતે)
- મેનેજરશ્રી, ઈન્ડેક્ષ્ટ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
- મેનેજરશ્રી, I.F.M.S.,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ આ ઠરાવ વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવા સારૂ.
- સિલેક્ટ ફાઈલ.

રાજ્ય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી ફિક્સ પગારથી નિમણૂક પામેલ કર્મચારીઓની માંદગીના હેતુ માટેની રજાઓ બાબત.

ગુજરાત સરકાર,

નાણાં વિભાગ.

ઠરાવ ક્રમાંકઃ FD/ZUD/e-file/4/2023/3483/Z1(Economy)

સચિવાલય, ગાંધીનગર.

તા:-.../૦૧/૨૦૨૪

વંચાણે લીધાઃ-

(૧) નાણાં વિભાગનો તા.૧૬/૦૨/૨૦૦૬ નો ઠરાવ ક્રમાંકઃ-ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧

(૨) નાણાં વિભાગનો તા.૨૦/૧૦/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ-ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧

(૩) નાણાં વિભાગનો તા.૨૮/૦૩/૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ-ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)/ઝ.૧

(૪) નાણાં વિભાગનો તા.૧૨/૦૭/૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ-ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧

**આમુખ:-**

સંદર્ભ ક્રમાંક-(૧) સામેના નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવથી રાજ્ય સરકારની કચેરીઓમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગોમાં રાજ્ય સરકારની કરકસરની નીતિના ભાગરૂપે ૦૫ (પાંચ) વર્ષ માટે ફિક્સ પગારથી સીધી ભરતીથી નિમણૂક આપવાની નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે. તેમજ સંદર્ભ ક્રમાંક-(૨) થી (૪) થી કરાર આધારિત ફિક્સ પગારથી નિમણૂક પામેલ કર્મચારીઓનો ફિક્સ પગાર તેમજ તેમની સેવાઓની શરતોમાં જરૂરી સુધારા કરવામાં આવેલ છે.

સંદર્ભ ક્રમાંક-(૪)ના સામેના નાણા વિભાગના તા.૧૨/૦૭/૨૦૧૬ના ઠરાવથી ફીક્સ પગારના કર્મચારીને માંદગીના હેતુ માટે મળવાપાત્ર રજાઓ અંગે જોગવાઈ કરવામાં આવેલ છે.

ઉક્ત જોગવાઇ સંદર્ભે રાજ્ય સરકારના વિવિધ વિભાગો તરફથી માંદગીના હેતુસર રજાઓ મંજુર કરવાની સત્તાસોંપણી અંગે તથા કર્મચારી કુટુંબના સભ્યોની માંદગીના હેતુ માટે ઉક્ત રજાઓ ભોગવી શકે તેવી રજૂઆતો મળેલ હતી. આથી,આ રજૂઆતો અન્વયે નાણા વિભાગના સંદર્ભ ક્રમાંક-(૪)થી થયેલ જોગવાઇઓમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**-:ઠરાવ:-**

કાળજીપૂર્વકની વિચારણાના અંતે સંદર્ભ ક્રમાંક-(૩) અને (૪) અન્વયે નાણા વિભાગના તા.૨૦/૧૦/૨૦૧૫ અને તા.૧૨/૦૭/૨૦૧૬ના ઠરાવોથી કરવામાં આવેલ માંદગીના હેતુસરની ખાસ રજાની જોગવાઇઓમાં નીચે મુજબનો જરૂરી સુધારો કરવામાં આવે છે:

**(૧) ફીક્સ પગારના કર્મચારીની પોતાની અથવા કુટુંબના સભ્યોની બિમારી કે અકસ્માતના કારણે થયેલ ગંભીર ઈજાના સંજોગોમાં વર્ષ દરમ્યાન માંદગીના હેતુ માટેની રજાઓ પુરા પગારમાં ૧૦ અથવા અડધા પગારમાં ૨૦**

રજાઓ નિયમ મુજબ મેડીકલ પ્રમાણપત્રને આધારે મળી શકશે. આ ઉપરાંતની માંદગીના રજાઓ કપાત પગારથી ભોગવવાની રહેશે. સબંધિત કચેરીના વડા આ રજાઓ મંજુર કરી શકશે.

(૨) નાણા વિભાગના તા.૧૨/૦૭/૨૦૧૬ના ઠરાવથી મળવાપાત્ર માંદગીના હેતુસરની જમા રજાઓ ઉપરાંત, ફીક્સ પગારના કર્મચારીએ કરારીય સમયગાળા દરમિયાન માંદગીના હેતુસર વધુમાં વધુ ૯૦ દિવસ સુધી ભોગવેલ કપાત પગારી રજાઓ સબંધિત ખાતાના વડા મંજૂર કરી શકશે. તેમજ ૯૦ દિવસથી વધુ અને ૧૮૦ દિવસ સુધીની માંદગીના હેતુસર ભોગવેલ કપાત પગારી રજાઓ સબંધિત વહીવટી વિભાગના વડા મંજુર કરી શકશે. તેમજ તેટલો કરારીય સમયગાળો લંબાવવાનો રહેશે.

(૩) માંદગીના હેતુસરની નિયમોનુસાર મળવાપાત્ર રજાઓ ઉપરાંત ૧૮૦ દિવસથી વધુ કપાત પગારી રજાઓ મળવાપાત્ર થશે નહી.

સંદર્ભ ક્રમાંક-(૧) થી (૪) સામેના ઠરાવની અન્ય તમામ બોલીઓ અને શરતો યથાવત રહેશે.

આ ઠરાવનો અમલ તેની રવાનગી તારીખથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ડૉ.નિસર્ગ વી. જોષી)

નાયબ સચિવ

નાણા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- લોકાયુક્તશ્રી, લોકાયુક્તશ્રીની કચેરી, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગોના અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક સચિવશ્રી / સંયુક્ત સચિવશ્રી / નાયબ સચિવશ્રી(બજેટ), સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે ખાતાઓના વડાઓ.
- એકાઉન્ટ જનરલશ્રી (ઓડીટ) , ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
- એકાઉન્ટ જનરલશ્રી (એ. એન્ડ ઇ.) , ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, અમદાવાદ / ગાંધીનગર / વડોદરા / રાજકોટ / ભાવનગર.
- સર્વે નાણા સલાહકારશ્રીઓ, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- આઇ.ટી.કો-ઓર્ડિનેટર, નાણા વિભાગ.
- સિલેક્ટ ફાઇલ, ઝ.૧ શાખા.